જા.નં. જુકૃયુ / સંવૈ(બાગા.) / ટી- ૬ / ITI/ ૧૬૧૦ / ૨૦૨૩
મહુવા, તા.૧૪/૦૯/૨૦૨૩

પ્રતિ,
આઈ.ટી. સેલ,
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી,
જુનાગઢ.

વિષય: સ્કીલ ઓરીએન્ટેડ તાલીમ બાબત...
સંદર્ભ: વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, જુ.કૃ.યુ., જુનાગઢ ની કચેરીના પત્ર ક્રમાંક: જુકૃયું/વિશિનિ/ટેક-૨/નિ.મ.-૪૨/૭૦૩૮-૬૩/૨૦૧૬, તા. ૪.૦૮.૨૦૧૬

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અત્રેના કૃષિ સંશોધન કેન્દ્ર (ફળ પાકો), જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, મહુવા કેન્દ્ર દ્વારા ૧ (એક) અઠવાડીયાની સ્કીલ ઓરીએન્ટેડ તાલીમ (૧) નાળીયેરીમાં સીડ પ્રોડક્શન – ઓક્ટોબર-૨૦૨૩ (૨) ડુંગળીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ- નવેમ્બર -૨૦૨૩ (૩) એનીમલ સાયન્સ ડીસેમ્બર-૨૦૨૩. આમ, કુલ ત્રણ તાલીમ ગોઠવવામાં આવેલ છે. આથી રસ ધરાવતા ખેડૂતો તથા પશુપાલકો નિયત ફોર્મ માં સમય મર્યાદામાં અરજી કરી શકે તથા સદર તાલીમનો લાભ લઈ શકે તે માટે જુનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકની સૌરાષ્ટ્ર ઝોનમાં આવતી કચેરીઓમાં જાણ તેમજ યુનિવર્સીટી ની વેબસાઈટ પર પ્રવેશ ફોર્મ તારીખ ૧૮/૦૯/૨૦૨૩ થી ૧૦/૧૦/૨૦૨૩ સુધી રાખવા યોગ્ય ઘટતું કરવા નમ્ર વિનંતી છે.

સંશોધન વૈજ્ઞાનિક(બાગાયત)
કૃષિ સંશોધન કેન્દ્ર(ફળપાકો)
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી
મહુવા.

સામેલ: ૧. સંદર્ભ પત્રની નકલ.
૨. સ્કીલ ઓરીએન્ટેડ તાલીમ માટેની જાહેરાત ની નકલ.
૩. અરજી પત્રક નો નમૂનો.

ટુંકા ગાળાના તાલીમ કાર્યક્રમો યોજવા બાબત.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
## જૂનાગઢ

### જાહેરનામુ

આથી સબંધ કર્તા સર્વેને જણાવવામાં આવે છે કે, તા. ૧૨.૦૧.૨૦૧૬ના રોજ જૂનાગઢ ખાતે મળેલ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની ૧૦મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૧૦.૯થી તથા તા. ૨૧.૦૭.૨૦૧૬ના રોજ જૂનાગઢ ખાતે મળેલ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળની ૪૨મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૪૨.૧૦થી ટુંકા ગાળાના તાલીમ કાર્યક્રમો યોજવા બાબતે નીચે મુજબ ઠરાવેલ છે.

" રાજ્ય સરકારનો સ્કીલ ઓરીએન્ટેડ તાલીમ આપવાનો અભિગમ ધ્યાને લઈ ગ્રામ્ય કક્ષાએ રોજગારીની તકો વધે તે હેતુસર ફળ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., મહુવા ખાતે હાલ કાર્યરત એગ્રો-બેઈઝડ આઈ.ટી.આઈ. અંતર્ગત એનિમલ સાયન્સ, નાળીયેરીમાં શીક પ્રોડકશન અને ડુંગળી પરનાં ટૂંકા ગાળાના સ્કીલ ઓરીએન્ટેડ તાલીમ કાર્યક્રમો નીચે જણાવેલ કૃષિ વિભાગમાં મંજૂર થયેલ ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ શરૂ કરવા મંજૂરી આપવામાં આવે છે. "

| ક્રમ | તાલીમની વિગત | સમગ ગાળો | |
|---|---|---|---|
| | | અઠવાડીયું | પખવાડીયું |
| ૧ | તાલીમની મુદત | અઠવાડીયું | પખવાડીયું |
| ૨ | તાલીમની ફી | ૨૫૦ /- (રૂા.) | ૨૫૦ /- (રૂા.) |
| ૩ | તાલીમાર્થીની ઉંમર | ૨૦ થી ૪૦ વર્ષ | ૨૦ થી ૪૦ વર્ષ |
| ૪ | તાલીમાર્થી શૈક્ષણિક લાયકાત | ૯ ધોરણ પાસ | ૯ ધોરણ પાસ |
| ૫ | તાલીમાર્થીની સંખ્યા | ૩૦ | ૩૦ |
| ૬ | રહેવા જમવાની વ્યવસ્થા | કૃષિ વિભાગમાં મંજુર થયેલ ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ | કૃષિ વિભાગમાં મંજુર થયેલ ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ |

(એ.એમ. પારખીયા)
વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં. જૂકૃયુ/વિશિનિ/ટેક-૨/નિ.મ.-૪૨/ 1035-53 /૨૦૧૬
તા. ૪.૦૮.૨૦૧૬

નકલ સવિનય રવાના:
૧. નિયામક મંડળના તમામ સભ્યશ્રીઓ તરફ.
૨. નિયામકશ્રી, આઈ.ટી.સેલ, જૂ.કૃ.યુ., જૂનાગઢ તરફ આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓને ઉકત વિગતે E-Mail દ્વારા જાણ કરવા સારૂ.
૩. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

નકલ રવાના:-
૧. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૨. જાહેરનામાં ફાઈલ.

આવક નં ... 1591
તારીખ 5/8/'16
શાખા ... T.G

# પ્રવેશ જાહેરાત (બીજો પ્રયત્ન)

આથી રસ ધરાવતા ખેડૂતો તથા પશુપાલકોને જણાવવાનું કે અત્રેના કૃષિ સંશોધન કેન્દ્ર (ફળપાકો), જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, મહુવા કેન્દ્ર દ્વારા ૧(એક) અઠવાડીયાની સ્કીલઓરીએન્ટેડ તાલીમ (૧) નાળીયેરીમાં સીડ પ્રોડક્શન ઓક્ટોમ્બર-૨૦૨૩ (૨)ડુંગળીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ નવેમ્બર-૨૦૨૩ (૩) એનીમલ સાયન્સ-ડીસેમ્બર-૨૦૨૩ આમ કુલ ત્રણ  તાલીમ સને ૨૦૨૩-૨૪ માં ગોઠવવામાં આવેલ છે.તો રસ ધરાવતા ખેડૂતો તથા પશુપાલકોએ નિયતફોર્મમાં અરજી કરવા જણાવવામાં આવે છે.રાજય અને કેન્દ્ર સરકારના નિયમ મુજબ રહેવા-જમવાની સગવડતા અત્રેથી પુરી પાડવામાં આવશે, ઉમેદવાર ઓછામાં ઓછુ ૯ ધોરણ પાસ હોવો જોઈએ,પસંદગી કમિટી દ્વારા પંસદ પામેલ ઉમેદવારે તાલીમની ફી રૂ/-૨૫૦/-(અંકે રૂપિયા બસ્સો પચાસ પુરા) ભરવાની રહેશે. ઉમેદવારની ઉંમર જાહેરાતની તારીખના રોજ ૨૦ થી ૪૦ વર્ષ વચ્ચેની હોવી જોઈએ,ઉપર જણાવેલ ત્રણે તાલીમમાં પ્રવેશ ક્ષમતા ૩૦ સીટની છે,પ્રવેશ ફોર્મ રૂબરૂ અથવા WWW.JAU.IN વેબસાઈટ માંથી ડાઉનલોડ કરી અરજી જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા.૯.૧૦.૨૦૨૩ કચેરી સમય સુધીમાં એગ્રો.આઈ.ટી.આઈ. કૃષિ સંશોધન કેન્દ્ર (ફળપાકો) જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, ભાવાની મંદિર રોડ,મહુવા જી.ભાવનગર ખાતે મોકલી આપવા ની રહેશે, ત્યાર બાદ આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

સરકારશ્રી દ્વારા જાહેર થતી વખતો-વખત ની સૂચનાઓ અનુસાર તાલીમનું આયોજન કરવામાં આવશે.

સંશોધન વૈજ્ઞાનિક(બાગાયત)
કૃષિ સંશોધન કેન્દ્ર(ફળપાકો)
જુનાગઢ કૃષિ યુનિવર્સીટી
મહુવા-૩૬૪૨૯૦

એગ્રો-બેઈઝ્ડ આઈ.ટી.આઈ.
કૃષિ સંશોધન કેન્દ્ર (ફળ પાકો),
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મહુવા
જી. ભાવનગર – ૩૬૪ ૨૯૦

## સ્કીલ ઓરીએન્ટેડ તાલીમ માટેનું અરજીપત્રક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | અરજદારનું નામ | : | | | | પાસપોર્ટ સાઈઝ ફોટો |
| ૨ | હાલનું સરનામું | : | | | | |
| ૩ | કાયમી સરનામું | : | | | | |
| | ફોન / મોબાઈલ નં. | | | | | |
| ૪ | જ્ઞાતિ (V ની નિશાની કરો) | : | ☐ એસ.સી./ ☐ એસ. ટી./ ☐ ઓ.બી.સી./ ☐ અન્ય | | | |
| ૫ | જન્મ તારીખ | : | | ૬ | ઉંમર વર્ષ: | |
| ૭ | શૈક્ષણિક લાયકાત | : | | | | |
| ૮ | અનુભવ | : | | | | |
| ૯ | તાલીમનો વિષય<br>(પસંદગીના કોઈપણ એક વિષય પર V ની નિશાની કરો) | : | ☐ ૧. પશુ વિજ્ઞાન<br>☐ ૨. નાળિયેરીમાં સીડ પ્રોડક્શન<br>☐ ૩. ડુંગળી | | | |
| ૧૦ | અન્ય વિગત | : | | | | |

ઉપરોક્ત જણાવેલ મારી તમામ વિગતો સાચી છે. હું સદર તાલીમમાં હાજરી આપીશ અને સદરહું તાલીમ માટેની તમામ શરતો અને નિયમો મને મંજુર છે. જેની આથી હું બાંહેધરી આપું છું.

બિડાણ:- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર / છેલ્લી માર્કશીટની નકલ / ચુંટણીકાર્ડ (ઓળખપત્ર)
બે પાસપોર્ટ સાઈઝ ફોટો / ૭-૧૨ અને ૮અ ની નકલ

**સ્થળ:-**

**તારીખ:-** **અરજદારની સહી**